**<u>અમદાવાદનાં એડીશનલ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબ(કોર્ટ નં.૧૭) ની કોર્ટમાં,</u>**

ફો.કેસ નં.

<u>:-જજમેન્ટ:-:</u>

ફરીયાદપક્ષનાં કેસની હકીકત એવી છે કે:- આરોપીએ બનાવની તારીખે ગેરકાયદેસર રીતે દેશી દારૂ પોતાનાં કબજામાં રાખી પ્રોહીબીશન એકટની કલમ:૬૬(બી), ૬૫(એ)(એ) મુજબનો ગુનો આ અદાલતની હકુમતમા કરેલ હોઈ આ અદાલતમા ચાર્જસીટ રજુ થયેલ છે. આરોપીએ ઉપરોકત હકીકતે ફરીયાદમાં જણાવ્યા મુજબનો ગુનો કરેલ છ.તે ગુનો કબુલાત પુરસીસમાં ગુનો કબુલ રાખેલ છે. જે સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરેલ હોવાની ખાત્રી કરી આ તેમનો પ્રથમ ગુનો હોય અને બાળ બચ્ચા વાળા માણસો હોઈ આર્થિક પરીસ્થિતી અને નબળા સંજોગો ધ્યાનમાં રાખી ઓછો દંડ કરવા અરજ કરેલ છે. નામદાર ગુજરાત હાઈકોર્ટનો ન્યાયમુર્તિ શ્રી જે.એન.ભટ્ટ સાહેબનો ચુકાદો State of Gujrat Versus Natwar Harchandji Thakor 2005(1) GLR 709 : 2005(1) GCD 749 લક્ષમા ંરાખી ઓછામાં ઓછી સજા દંડ કરવા અરજ કરેલ છે.

જેથી આરોપીનો પ્રથમ ગુનો હોય અને બાળ બચ્ચા વાળા માણસો હોઈ આર્થિક પરીસ્થિતી અને નબળા સંજોગો ધ્યાનમાં રાખતા તાજેતરમાં જે સુધારા ગુજરાત સરકાર તરફથી કરવામાં આવેલ છે, તેની સાથોસાથ આ પ્રકારનાં કેસોનો જે ભરાવો અદાલતોમાં થઈ રહેલ છે, તેમજ આ પ્રકારનાં કેસો ઝડપથી પુરા કરવા સંબધે નામદાર ગુજરાત હાઈકોર્ટ તરફથી જે અથાગ પ્રયાસો કરવામાં આવી રહેલ છે, તેમજ અવાનવાર સ્પેશ્યલ સીટીંગોનું આયોજન કરી આ પ્રકારનાં કેસો શોધી કાઢી પુરા કરવા માટે જે સુચનાઓ નામદાર ગુજરાત હાઈકોર્ટ તરફથી આપવામાં આવી રહેલ છે તે હકીકત લક્ષમાં રાખતા સાથોસાથ આરોપીએ અદાલત રુબરુ મૌખિક રીતે ફરીથી આ પ્રકારે કોઈ જ ગુનો નહી કરવાની ખાત્રી આપેલ હોઈ આરોપી કુંટુબનાં ભરણપોષણનો આધાર રહેલ હોઈ આરોપી જેલમાં જાય તો તેનાં પરીવારને ભુખે મરવાનો વારો આવે તેવા પણ સંજોગો ઉભા થાય તેમ હોઈ આરોપીને જેલમાં મોકલવાનું ઉચિત જણાતુ નથી, સાથોસાથ જો આરોપીને વધુ દંડ કરવામાં આવે તો પરીવારનાં સભ્યો પાછળ જે રકમ આરોપી ખર્ચી શકે તેમ છે તે રકમ દંડ પેટે સરકારમાં ચુકવવાથી પણ આરોપીનાં પરીવારનાં સભ્યોને સહન કરવું પડે તેમ જણાતું હોઈ વધુ દંડ કરવો પણ ઉચિત જણાતુ નથી, જેથી સમગ્ર ઉપર દર્શાવેલ સમગ્ર કારણો ધ્યાને લેતા આ અદાલતને નામદાર શ્રી જે.એન. ભટ્ટ સાહેબશ્રીનાં ચુકાદાથી મળેલ સત્તાનો ઉપયોગ કરી વધુ પડતો ટેકનીકલ નહી થતાં

આરોપીને સમાજમાં રહી સુધરવાની તક આપવી ન્યાયી જણાતું હોઈ તેમજ તેનાં પરીવાર માટે પણ આ પ્રકારે હળવાશથી હુકમ કરવાથી ન્યાયનો હેતુ જળવાશે તેમ જણાતું હોઈ નીચે મુજબ હુકમ કરું છું.

**:: આખરી હુકમ ::**

આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ:૨૪૧ અન્વયે ચાર્જસીટમાં આક્ષેપાયેલ ગુનાનાં ભંગ બદલ રૂા. ૫૦/–(પચાસ પુરા) દંડ તથા કોર્ટ ઉઠતા સુધીનાં સમય સુધીની સજા કરવામાં આવે છે. આરોપીની ઉમંર જોતા તેમજ પ્રથમ ગુનો હોઈ તેમનાં પરની પરીવારની જવાબદારી ધ્યાને રાખતા સાથોસાથ નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો State of Gujrat Versus Natwar Harchandji Thakor 2005(1) GLR 709 : 2005(1) GCD 749 લક્ષમાં રાખતા ઉપરોકત કારણોને આધીન કેદની સજા કરવામાં આવતી નથી. જો આરોપી દંડ ન ભરે તો દિન–૫(પાંચ)ની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

મુદામાલ દેશી દારૂનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવો. જો વેલ્યુબલ મુદામાલ બાબતે વચગાળાનો કોઈ હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ કરવામાં આવે છે અને જો હુકમ કરવામાં આવેલ ન હોય તો અપીલ સમય વિત્યા બાદ સદર મુદામાલની હરાજી કરી તેનાં ઉપજેલ નાણાં સરકારશ્રીમાં જમા કરાવવાનો હુકમ કરવામાં આવે છે. નોન–વેલ્યુએબલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૦૯/૦૩/૨૦૨૪ નાં રોજ **સ્પેશ્યલ સીટીંગમાં** વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૦૯/૦૩/૨૦૨૪.
**સ્પેશીયલ સીટીંગ**

(દિપક જેઠાભાઈ પરમાર)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૧૭, અમદાવાદ.
**(GJ00879)**